# BUSINESS મિત્ર

**નિફ્ટી 23450ની ઉપર બંધ રહી, પણ રોકાણકારોને 1.88 લાખ કરોડનો ફટકો**

# સેન્સેક્સ નીચલા સ્તરેથી 300 પોઇન્ટ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 10:** વૈશ્વિક અનિશ્ચિતતા અને ક્રુડ ઓઇલના ભાવ 100ને પાર નીકળ્યા બાદ વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારના રોકાણકારો પણ સાવચેત રહ્યા હતા અને દિવસ દરમ્યાન સાંકડી વધઘટ સાથે સપાટ રહ્યા બાદ સેન્સેક્સ એક્સપાયરીમાં સેન્સેક્સ નીચલા સ્તરેથી 300 પોઇન્ટ રીકવર થઇને બંધ થયો હતો. એટલે કે એક્સપાયરીમાં શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું. જ્યારે નિફ્ટી 23450 પોઇન્ટની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી. આમ છતાં, રોકાણકારોએ રૂ. 1.88 લાખ કરોડનું નુકસાન વેઠવું પડ્યું હતું.

સેક્ટર વાઇઝ જોઇએ તો મેટલ અને ફાર્મા સેક્ટર બજારને નીચે લઇ જવાનો પ્રયાસ કરતા હતા, જેને ઓટો અને આઇટી સેક્ટરે પણ દબાણ વધારવામાં ટેકો આપ્યો હતો. બીજી તરફ, મીડિયા, પીએસયુ અને પ્રાઇવેટ બેન્કીંગ શેરોમાં ઉછાળાએ બજારને ઉપર ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આજે તમામ સેક્ટરોમાં એક ટકાથી ઓછી વધઘટ રહી હતી.

બીએસઇ સેન્સેક્સ 138.36 પોઇન્ટ એટલે કે 0.19 ટકા વધીને 74902.59 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74910 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74598 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 46.30 પોઇન્ટ એટલે કે 0.20 ટકા વધીને 23450 પોઇન્ટની ઉપર 23477.80 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23494 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નાચામાં 23380 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 176.40 પોઇન્ટ એટલે કે 0.31 ટકા વધીને 56471.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે કોમ્પ્યુટર એજમાં 26.4 ગણા, ટાટા ઇન્વેસ્ટમેન્ટમાં 12.11 ગણા, કપીટ ટેકનોલોજીમાં 5.21 ગણા, યુનાઇટેડ સ્પીરીટમાં 4.65 ગણા અને જીએમડીસીમાં 4.31 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સ્વાન કોર્પમાં 49.99 ગણા, ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પમાં 45.82 ગણા, એફકોન્સ ઇન્ફ્રામાં 5.41 ગણા, જીએમડીસીમાં 5.18 ગણા અને ફાઇઝરમાં 4.91 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વેચવાલી હાવી રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.40 ટકા ઘટ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 0.01 ટકા સુધર્યો હતો. જોકે, માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 1922 શેરો વધ્યા હતા, જ્યારે 2405 શેરો ઘટ્યા હતા અને 218 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ બજારમાં નવેમ્બર મહિનાના ક્રુડ ઓઇલના ભાવમાં વધુ ઉછાળો રહ્યો હતો અને ક્રુડ ઓઇલના ભાવ 102 ડોલરને પાર નીકળી ગયા હતા. જ્યારે રૂપિયામાં નરમાઇ ચાલુ રહી હતી.

વૈશ્વિક સ્તરે અમેરિકાના ડાઉ ફ્યુચર 98 પોઇન્ટના સુધારા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ સાથે સપાટ ખુલવાના સંકેત આપી રહ્યા છે. જેના પરિણામે યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે તમામ એશિયન બજારો લાલ નિશાનમાં બધ રહ્યા હતા. ઈરાન-યુએસના સંઘર્ષમાં વધારો અને ઉર્જા પુરવઠાના વધી રહેલા જોખમોને કારણે રોકાણકારો સાવચેત રહ્યા હતા. બીજી તરફ, ક્રુડ ઓઇલના ભાવ 100ને પાર નીકળીને આગળ વધી રહ્યા છે. જેથી ફુગાવો વધવાની ભીતિ છે, જેની અસર બજારોમાં જોવા મળી રહી છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.35 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.17 ટકા અને ડેક્સ 0.02 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.27 ટકા, સ્ટ્રેઇટસ 0.70, હેંગસેંગ 1.48 ટકા, તાઇવાન 0.52 ટકા, કોસ્પી 0.25 ટકા, જકાર્તા 1.35 ટકા અને શાંઘાઇ 0.43 ટકા ઘટ્યા હતા.

### ડોલરમાં ઉછાળો આગળ વધ્યો

કરન્સી બજારમાં આજે પણ ડોલરમાં મજબૂતાઇ આગળ વધી હતી. ક્રુડ ઓઇલના ભાવમાં વધારો આગળ વધ્યો હોવાથી ડોલરમાં પણ ઉછાળો જોવાયો હતો, જે 95.50ની નજીક જોવાયો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 32 પૈસા ઘટીને 95.44ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.12ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.97, પાઉન્ડ 128.97, કેનેડિયન ડોલર 69.15, ઓસ્ટ્રેલિયન ડોલર 68.71, જાપાનીઝ યેન 0.6191 અને સીંગાપોર ડોલર 75.14ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.44 રૂ. |
| યુરો | 110.97 રૂ. |
| પાઉન્ડ | 128.97 રૂ. |
| યેન | 0.6191 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 138.36 | 74902.59 |
| નિફ્ટી | 46.30 | 23477.80 |
| બેન્ક નિફ્ટી | 176.40 | 56471.95 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી લાઇફ | 2.36 | 526.15 |
| પાવરગ્રીડ | 2.22 | 271.75 |
| ઓએનજીસી | 1.39 | 237.27 |
| ભારતી એરટેલ | 1.34 | 1839.00 |
| ટેક મહિન્દ્રા | 1.18 | 1525.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 1.85 | 1207.00 |
| હિન્દાલ્કો | 1.26 | 1014.00 |
| ટાટા સ્ટીલ | 1.04 | 186.78 |
| અદાણી એન્ટર | 0.89 | 3077.20 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.83 | 3123.80 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 2.27 | 272.00 |
| એક્સીસ બેન્ક | 1.65 | 1260.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.44 | 11053.00 |
| એનટીપીસી | 1.13 | 337.00 |
| ટેક મહિન્દ્રા | 1.09 | 1518.6 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 2.43 | 1196.80 |
| ટાટા સ્ટીલ | 1.38 | 185.95 |
| ટ્રેન્ટ | 1.12 | 2789.70 |
| આઇટીસી | 0.84 | 259.00 |
| ભારત ઇલે. | 0.79 | 403.00 |

**વૈશ્વિક ટોપ-10 ધનિકોની યાદીમાં અમેરિકન ટેક માલિકોનો પંજો મજબૂત**

# વિશ્વના ટોપ-10 અબજોપતિની યાદીમાંથી ભારતીય આઉટ

**શેરબજારની** અસ્થિરતા અને FIIની વેચવાલીથી ભારતીય દિગ્ગજોને ફટકો

**મુકેશ** અંબાણી 18મા અને ગૌતમ અદાણી 20મા ક્રમે ધકેલાયા

નવી દિલ્હી, તા. 10: વિશ્વભરમાં અબજોપતિઓમાં ભારતીય ઉદ્યોગપતિઓની બાદબાકી થઇ છે. શેરબજારની ઉથલપાથલના કારણે ભારતીય ઉદ્યોગપતિઓને મોટું નુકશાન થયું છે, જેના કારણે તેઓની માર્કેટ કેપને મોટો ફટકો પડતા પોતાનું સ્થાન જાળવવામાં નિષ્ફળ ગયા છે.

બ્લુમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેક્સ અનુસાર વૈશ્વિક ટોપ-10 સૌથી ધનિક વ્યક્તિઓની કલબમાં એકપણ ભારતીય સ્થાન મેળવી શક્યું નથી. જ્યારે આ અબજોપતિની યાદીમાં અમેરિકન ટેકનોલોજી અને વૈશ્વિક જાયન્ટના માલિકોનું એકચક્રી દબદબો યથાવત રહ્યો છે.

ટોપ-10માં ફરી એકવાર ટેસ્લાના ઈલોન મસ્ક 341 અબજ ડોલરની નેટવર્થ સાથે નંબર વન રહ્ય હતા. તાજેતરમાં તેમની સંપત્તિમાં 37.5 અબજ ડોલરનો જંગી ઉછાળો થયો હતો, જે વિશ્વના પ્રથમ ટ્રિલિયોનર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

ત્યારબાદ એમેઝોનના જેફ બેજોસ 214 અબજ ડોલર સાથે બીજા ક્રમનું સ્થાન ધરાવે છે. મેટા, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટસએપના માલિક માર્ક ઝકરબર્ગ 208 અબજ ડોલરની નેટવર્થ સાથે ત્રીજું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત, ટોપ-10 યાદીમાં અન્ય અબજોપતિમાં અનુક્રમે 195 અબજ ડોલરની નેટવર્થ સાથે ઓરેકલના સ્થાપક લેરી એલિસન, 172 અબજ ડોલરની નેટવર્થ ધરાવતા લુઇ વિટન અને ડીઓરના બર્નાર્ડ આર્નોલ્ટ, 162 અબજ ડોલરની નેટવર્થ ધરાવતા માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટસ, 152 અબજ ડોલરની નેટવર્થ ધરાવતા આલ્ફાબેટના લેરી પેજ, 148 અબજ ડોલરની નેટવર્થ ધરાવાત બર્કશાયર હેથવેના સ્થાપક વોરેન બફેટ, 145 અબજ ડોલરની નેટવર્થ સાથે આલ્ફાબેટના સહસ્થાપક સર્ગેઇ બ્રિન અને 144 અબજ ડોલરની નેટવર્થ ધરાવતા માઈક્રોસોફ્ટના પુર્વ સીઈઓ સ્ટીવ બાલ્મરનો સમાવેશ થાય છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૧૦૦ |
| તેજાબી સોનું | ૧૫૭૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૨૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૯૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૭૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૯૨૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-૩૦ | ૫૮૦૦ |
| એસ-૩૦ | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

# ભારતમાં નવી ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઈ છે: જેફરીઝનો રિપોર્ટ

**2030** સુધીમાં ભારતમાં છ સેક્ટરમાં તેજી જોવા મળશે: જેફરીઝ

**2030** સુધીમાં સ્પેસ ઇકોનોમી 5 ગણી વધીને $45 બિલિયન થશે; સોલાર, સેમિકન્ડક્ટર અને ડેટા સેન્ટરમાં જંગી રોકાણથી ભારત ગ્લોબલ હબ બનશે

નવી દિલ્હી, તા. 10: વૈશ્વિક બ્રોકરેજ હાઉસ જેફરીઝે ભારત ઉપર એક મેગા રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં જણાવ્યું છે કે, ભારતમાં નવી ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઇ છે. સ્પેસ, સેમિકન્ડકટર, ડેટા સેન્ટર સહિતના છ સેકટર ભારતીય અર્થતંત્રનું ચિત્ર બદલી શકે છે. જેફરીઝે પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, 2030 સુધીમાં સ્પેસ ઈકોનોમી આજની તુલનામાં 5 ગણી થઇ જશે. 2030 સુધીમાં છ સેકટરમાં મોટી તેજી આવશે. તેમને સરકારી નીતિઓનો બુસ્ટર ડોઝ મળશે. આ ક્ષેત્રોમાં ખાનગી ક્ષેત્રનો પ્રવેશ ગેમ ચેન્જર સાબિત થશે, સ્થાનિક ઉત્પાદનથી ફાયદો થશે.

જેફરીઝના નવા ભારતના છ મેગા થીમમાં સ્પેસ, સેમિકન્ડકટર, ડેટા સેન્ટર, ઇલેકટ્રોનિક્સ, સોલાર અને એરોસ્પેસ છે. 2020માં સરકારે સ્પેસ સેકટરમાં ખાનગી કંપનીઓ માટે દરવાજા ખોલ્યા હતા. તે અવકાશ સેકટર માટે ગેમ ચેન્જર ક્ષણ હતી. હાલમાં ભારતની સ્પેસ ઈકોનોમી 9 બિલિયન ડોલરની છે. 2030માં તે પાંચ ગણા વધીને 45 બિલિયન ડોલર થઇ શકે છે.

ભારતમાં એરોસ્પેસ સેકટરમાં ઘણા સ્ટાર્ટઅપ્સ સારૂં કામ કરી રહ્યા છે. જેમાં સ્કાયરૂટ, પિકસેલ, અગ્નિકુલ અને દિગંતારાના નામનો સમાવેશ થાય છે. ભવિષ્યમાં, તેઓ મોટી કંપનીઓ તરીકે ઉભરી આવશે. આ સેકટરમાં ભારતની નિકાસ 2030 સુધીમાં 2 અબજ ડોલરને સ્પર્શી શકે છે. એરો સ્પેસમાં મોટા ખેલાડીઓમાં આઝાદ એન્જિનિયરીંગ, ભારત ફોર્જ, સંસેરા મધરસન સુમીનો સમાવેશ થાય છે.

સેમિકન્ડકટર સેકટરમાં 20 અબજ ડોલરનું રોકાણ થયું છે. આ સિવાય 13 અબજ ડોલરની નવી પ્રોત્સાહક યોજનાઓ પણ છે. ત્યારે આ સેકટરમાં ભારત મોટી છલાંગ લગાવવા સજ્જ છે. ડેટા સેન્ટર પર પણ કામ ચાલી રહ્યું છે. જે 2030 સુધીમાં આ સેકટરની ક્ષમતા 5 ગણી વધીને કુલ 10 ગીગાવોટ થઇ શકે છે. જેની આવક 9 અબજ ડોલર થઇ શકે છે. જ્યાં 45 બિલિયન ડોલરનું રોકાણ થઇ શકે છે.

જેફરીઝના રિપોર્ટમાં કેહવુયં છે કે, 2030 સુધીમાં ભારત મોબાઇલ કમ્પોનન્ટ મેન્યુફેકચરીંગ હબ બની શકે છે અને મોબાઇલ કમ્પોનન્ટ મેન્યુફેકચરીંગ 20 ટકાથી વધીને 50 ટકા થઇ શકે છે. સોલાર સેકટરમાં પણ વિશ્વનું બીજું સૌથી મોટું હબ બની શકે છે. સૌર ઉત્પાદનમાં ભારતની વર્તમાન ક્ષમતા 35 ગીગાવોટ છે, જે 2030 સુધીમાં 100 ગીગાવોટ થઇ શકે છે.

# હોર્મુઝ સ્ટ્રેટમા ૭૧૪ સ્વિમિંગ પુલ ભરાય એટલું ખનિજ તેલ અટવાઈ ગયું છે

અમેરિકા અને ઇઝરાયલનું ઈરાન સામેનું યુદ્ધ સમુદ્રમાં લડાઈ રહ્યું છે. બંને પક્ષો હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસ તેલ ટેન્કરો અને અન્ય જહાજોને નિશાન બનાવી રહ્યા છે. આના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરથી ઉપર પહોંચી ગયા છે. આ યુદ્ધ વચ્ચે લગભગ ૪૨ ટેન્કરો પર્શિયન ગલ્ફમાં ફસાયેલા છે, તેમાંથી અઢાર ખનિજ તેલથી ભરેલા છે. એવું કહેવાય છે કે તેમાં ઓલિમ્પિક કદના ૭૧૪ સ્વિમિંગ પુલ ભરવા માટે પૂરતું તેલ છે. આ પરિસ્થિતિ ભારતને પણ અસર કરી શકે છે, કારણ કે ભારત તેનું મોટા ભાગનું ખનિજ તેલ આયાત કરે છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા ૧૮ ઓઈલ ટેન્કરો આશરે ૧૭.૬ લાખ ક્યુબિક મીટર ક્રૂડ ઓઈલ વહન કરી રહ્યા છે, જે લગભગ ૧૧.૧ લાખ બેરલ તેલ જેટલું છે. આ વિશ્વની દૈનિક તેલ માંગના લગભગ ૧૧ ટકા છે, જે આશરે ૭૧૪ ઓલિમ્પિક કદના સ્વિમિંગ પુલ ભરવા માટે પૂરતું છે. હવે પર્યાવરણીય નુકસાનનો વિચાર કરો. જો કોઈ મોટા ટેન્કર પર હુમલો થાય અથવા ડૂબી જાય તો લાખો લિટર તેલ અખાતમાં છલકાઈ શકે છે. આનાથી દરિયાકિનારા, માછીમારીનાં સ્થાનો અને દરિયાઈ જીવસૃષ્ટિને નુકસાન થઈ શકે છે. જમીનથી વિપરીત, તેલ સમુદ્રમાં ઘણા મોટા વિસ્તારમાં ફેલાઈ શકે છે. મોજાં અને પવન તેને ઢોળાઈ જવાનાં સ્થળથી દૂર લઈ જઈ શકે છે.

સેન્ટકોમે અહેવાલ આપ્યો છે કે અમેરિકાના દળોએ ત્રણ ઈરાની તેલ ટેન્કરો પર હુમલો કર્યો હતો. એક ઈરાનના મુખ્ય તેલ-નિકાસ કેન્દ્ર ખાર્ગ ટાપુ નજીક, બીજો જાસ્ક નજીક અને ત્રીજો ઓમાનના અખાતમાં એક ખાલી ટેન્કર પર હુમલો કર્યો હતો. આ હુમલાઓને કારણે આ પ્રદેશમાં તેલ વહન કરતા જહાજો પર હુમલાઓમાં વધારો થયો છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી ઓછામાં ઓછા ૭૫ જહાજો પર હુમલો કરવામાં આવ્યો છે, જેમાં ઓછામાં ઓછા ૨૧ ખલાસીઓ માર્યા ગયા છે. આમાંથી બે જહાજોમાં નાના પ્રમાણમાં તેલ છલકાયું હતું, જ્યારે છમાં આગ લાગી હતી. જૂનની શરૂઆતમાં કેરોલિન બેઝેન્ગી નામનું ટેન્કર ઓમાનના દરિયાકાંઠે લગભગ ૨૨ નોટિકલ માઈલ દૂર ફસાઈ ગયું હતું, કારણ કે તેના ક્રૂને વિસ્ફોટની આશંકા હતી. ત્યારથી તેમાંથી તેલ લીક થઈ રહ્યું છે. રોઇટર્સ ન્યૂઝ એજન્સીનો અંદાજ છે કે ટેન્કર ૮,૦૦,૦૦૦ બેરલ તેલ લઈ જઈ રહ્યું હતું.

ઓમાનના પર્યાવરણીય સત્તાવાળાએ ચેતવણી આપી હતી કે આ ફેલાવાથી રાસ મદ્રાકા અને મસિરાહ ટાપુ નજીકના લગભગ ૪૦ કિમી દરિયાકાંઠાને અસર થઈ શકે છે. ૩ ઓગસ્ટના રોજ લાઇબેરિયન ધ્વજ ધરાવતા બલ્ક કેરિયર મિનોઆન પાયોનિયર પર ઓમાનના દરિયાકાંઠે કોઈ અજાણ્યા પદાર્થ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો અને તેમાં આગ લાગી હતી. સેટેલાઇટ છબીઓમાં કેશ્મ ટાપુ નજીક એક મોટો તેલનો કદડો જોવા મળ્યો હતો, જ્યારે સિરી ટાપુ નજીક બીજો એક તેલનો કદડો જોવા મળ્યો હતો. નિષ્ણાતો કહે છે કે કેશ્મ ટાપુ નજીક તેલનો કદડો મિનોઆન પાયોનિયરમાંથી આવ્યો હોઈ શકે છે, પરંતુ તેઓ તેના સ્રોતની પુષ્ટિ કરી શક્યા નથી.

સોમવાર સુધીના મરીનટ્રાફિક




ડેટા દર્શાવે છે કે ૪૨ ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની રાહ જોઈ રહ્યા છે, જ્યારે સેંકડો અન્ય જહાજો ઓમાનના અખાત અને ખાડી ક્ષેત્રમાં રાહ જોઈ રહ્યા છે અથવા ધીમે ધીમે આગળ વધી રહ્યા છે. આમાંથી અઢાર ટેન્કર તેલનું વહન કરે છે, જ્યારે તેઓ કેટલું ક્રૂડ ઓઈલ (જો કોઈ હોય તો) વહન કરી રહ્યા છે તે ચોક્કસ રીતે જાણી શકાયું નથી. જહાજોની કુલ ક્ષમતા ૧૭.૬ લાખ ક્યુબિક મીટર તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનો હોવાનો અંદાજ છે. જો વાણિજ્યિક શિપિંગ પર હુમલા ચાલુ રહે તો કાર્ગો જોખમમાં મુકાઈ શકે છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે દરિયાઈ તણાવ ફરી એકવાર વધ્યો છે. ઈરાને દાવો કર્યો છે કે તેણે ૯ સપ્ટેમ્બરના રોજ હોર્મુઝ સ્ટ્રેટ નજીક બે અમેરિકન જહાજો અને આઠ તેલ ટેન્કરો સહિત ૨૦થી વધુ જહાજોને નિશાન બનાવ્યા હતા. ઈરાને એક સાથે દરિયાઈ પ્રતિબંધ ક્ષેત્રનો વિસ્તાર કરીને અખાતની બહાર ઓમાનના અખાત અને અરબી સમુદ્રના કેટલાક

**ટુ ધ પોઇન્ટ**
**■ સંજય વોરા ■**

ભાગોનો સમાવેશ કર્યો છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે જણાવ્યું હતું કે તેમના હુમલાઓમાં એવાં જહાજોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેઓ તેમની સૂચનાઓનું પાલન કર્યા વિના આ વિસ્તારમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આમાં બે અમેરિકન જહાજો, આઠ તેલ ટેન્કરો અને ૧૦ અન્ય જહાજોનો સમાવેશ થાય છે. બ્રિટનના મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ ઓર્ગેનાઇઝેશને પણ પુષ્ટિ કરી હતી કે ખાડી અને ઓમાનના અખાતમાં ઘણાં જહાજો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.

ભારત તેની મોટાભાગની ક્રૂડ ઓઈલની જરૂરિયાતો આયાત કરે છે, તેથી આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં વધારો દેશના અર્થતંત્ર પર અસર કરે છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો આયાતી ઊર્જાના ખર્ચમાં વધારો કરી શકે છે, જેનાથી વેપાર સંતુલન પર દબાણ આવી શકે છે અને ઇંધણ અને પરિવહન ખર્ચનો સામનો કરતી કંપનીઓ પર અસર પડી શકે છે. જો ઊર્જા અને લોજિસ્ટિક્સ ખર્ચમાં વધારો માલ અને સેવાઓના ભાવ પર અસર કરે છે, તો તે ફુગાવાને પણ જટિલ બનાવી શકે છે. રોકાણકારો માટે, મોંઘા ક્રૂડ ઓઈલ, ભૂ-રાજકીય અનિશ્ચિતતા અને વધતા યુએસ બોન્ડ યીલ્ડની સંયુક્ત અસર ભારત જેવા ઉભરતા બજારો માટે જોખમ લેવાની ક્ષમતા ઘટાડી શકે છે.

ઈરાને પહેલીવાર ઓમાનના અખાત અને અરબી સમુદ્રના કેટલાક ભાગો સુધી પોતાનો જાહેર કરેલો પ્રતિબંધિત ક્ષેત્ર વિસ્તાર્યો છે. રિવોલ્યુશનરી ગાર્ડ્સના પ્રવક્તા હુસૈન મોહેબીએ ચેતવણી આપી હતી કે સંકલન વિના આ વિસ્તારમાં પ્રવેશતા જહાજો પર કાર્યવાહી કરવામાં આવશે. આનાથી વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ ઊર્જા માર્ગોમાંના એક હોર્મુઝ સ્ટ્રેટમાં ચિંતા વધી છે.

ઈરાને એવો દાવો કર્યો હતો કે તેણે જોર્ડનમાં એક અમેરિકન લશ્કરી મથકને નિશાન બનાવ્યું હતું. આ હુમલો અમેરિકા દ્વારા તેના પાંચ તેલ ટેન્કરોનો નાશ કરવાનો બદલો લેવા માટે કરવામાં આવ્યો હતો. જોર્ડનની સેનાએ કહ્યું કે તેણે દેશ તરફ છોડવામાં આવેલી ૧૮ મિસાઈલોને અટકાવી દીધી હતી. ઈરાને અમેરિકન લશ્કરી મથકો પરના હુમલાને સ્વ-બચાવ ગણાવ્યો હતો. હોર્મુઝ સ્ટ્રેટમાં ટ્રાફિક ઘણા અઠવાડિયાથી ખોરવાઈ ગયો છે. ઈરાને માંગણી કરી છે કે જહાજો આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી પસાર થવા માટે પરવાનગી મેળવે અને પરિવહન ફી ચૂકવે.

અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ ચેતવણી આપી છે કે જો ઈરાન અમેરિકાના નૌકાદળના જહાજોને નિશાન બનાવશે તો અમેરિકા ઈરાની તેલ ટેન્કરોને નિશાન બનાવવાનું ચાલુ રાખશે. અમેરિકન સૈન્યના જણાવ્યા અનુસાર ઈરાન દ્વારા અમેરિકાના યુદ્ધ જહાજને નિશાન બનાવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે, જે છેલ્લાં અઠવાડિયામાં આવી બીજી ઘટના છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે નવેમ્બરમાં અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીઓ પછી તરત જ યુદ્ધનો અંત આવી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન હવે આ સંઘર્ષનો સામનો કરી શકશે નહીં. જોકે, અમેરિકાના અધિકારીઓએ ધ વોલ સ્ટ્રીટ જર્નલને ખાનગી રીતે સંકેત આપ્યો છે કે ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળનાં બાકીનાં બે વર્ષ સુધી આ સંઘર્ષ ચાલુ રહી શકે છે.

વિશ્વનો સૌથી મોટો ક્રૂડ ઓઈલ હાઈવે ગણાતો હોર્મુઝ સ્ટ્રેટ હવે સંપૂર્ણ યુદ્ધક્ષેત્ર બની ગયો છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ વચ્ચે આ સાંકડો દરિયાઈ માર્ગ એટલો ખતરનાક બની ગયો છે કે કોઈપણ વ્યક્તિ ઈચ્છે ત્યારે પસાર થતા તેલ ટેન્કરો પર મિસાઈલો ચલાવી શકે છે. આ ખુલ્લી ગુંડાગીરીએ વૈશ્વિક તેલ પુરવઠો ખોરવી નાખ્યો છે. તેના ઉપાયના રૂપમાં સંયુક્ત આરબ અમીરાતે એક માસ્ટરપ્લાન વિકસાવ્યો છે, જેના કારણે ઈરાનના દાવપેચ નિષ્ફળ બની જશે. યુએઈએ હોર્મુઝ સ્ટ્રેટને બાયપાસ કરીને નવાં બંદરો, પાઈપલાઇનો અને રેલવે નેટવર્ક પર કામ ઝડપી બનાવ્યું છે. આનાથી માત્ર યુએઈની તેલ નિકાસ સુરક્ષિત થશે નહીં, પરંતુ ભારતને અવિરત ઈંધણ પુરવઠો પણ સુનિશ્ચિત થશે. ભારતમાં આવતાં મોટા ભાગનાં તેલ ટેન્કરોને અત્યંત સાંકડા અને ખતરનાક હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવું પડે છે. ઈરાન દ્વારા આ માર્ગ બંધ કરવાથી અથવા જહાજો પરના હુમલાઓથી ભારતમાં ઈંધણની અછત અને ફુગાવાનો ભય પેદા થયો છે. યુએઈનો આ નવો કોરિડોર જ્યારે તૈયાર થઈ જશે ત્યારથી પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ જશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલાં ૧૮ ઓઇલ ટેન્કરો આશરે ૧૭.૬ લાખ ક્યુબિક મીટર ક્રૂડ ઓઇલ વહન કરી રહ્યા છે, જે લગભગ ૧૧.૧ લાખ બેરલ ખનિજ તેલ જેટલું છે**


**ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4-વ્હીલર, તથા AC વેચવા માટે સંપર્ક કરો - 9427178600

**જૂના બંધ AC**
લેવામાં આવશે. જૂના 2 વ્હીલર 4 વ્હીલર બંધ હાલત માં લેવામાં આવશે. Mo. 6351459536, Mo. 6358258722

**મિલ્કત ભાડેથી**

**સારી કન્ડિશનમાં**
4'/6' લેથમશીન પાવર સાથે ભાડે જોઈએ. 9869237662, 9137288281.

**મિલ્કત વેચવાની છે**

**5000 ભાડાની**
આવકવાળી જમ્બો દુકાન પરશુરામ ગાર્ડન સામે વેચવાની MO. 9157622115

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**2.15 વિંઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**લગ્ન વિષયક**

**સુરત રહેતી**
28 વર્ષની એજ્યુકેટેડ ઘાંચી યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**નોકરી વિષયક**

**ક્લેરીકલ તેમજ**
પરચુરણ કામ ના જેન્ટ્સ / લેડીઝ મળો સાંજે ૪ થી ૬ માં G/3, ક્રિષ્ના કોમ્પ્લેક્ષ દિલ્હીગેટ (308)

**ડિલિવરી માટે માણસ**
જોઈએ છે લોકલ સુરતનો રહેવાસી 7984564113

**દુકાનના પરચુરણ કામ**
માટે માણસ જોઈએ છે, (500 રૂપિયા રોજ) ભાગાતળાવ, 9033911038

સુરત સ્ટેશન વિસ્તારમાં ગેસ્ટ હાઉસ હોસ્પિટલ માટે મોકાની જગ્યા પ્લાન પાસ વેચાણથી લેવા માટે રૂબરૂ મળવું અલીઅસગરભાઈ 9924754529

**જોઈએ છે**
સોસાયટીનાં સંપૂર્ણ કામના જાણકાર એકાઉન્ટન્ટ તથા સુપરવાઈઝરની જરૂર છે. સંપર્ક: તરૂણભાઈ મો: ૯૮૨૫૧-૩૦૩૦૯ સમય: બપોરે ૧૨:૦૦ થી સાંજે ૫:૦૦ કદમ્બપલ્લી સોસાયટી, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. (311)

**અરજન્ટ**
ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્કલેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156 (307)

**3-4 વેલ્ડર જોઈએ**
છે (1,000 રોજ પગાર) એન્થમ સર્કલ, કોસમાડા- સુરત. 9913711397 (309)

**ઓપન પ્લોટસ**
SMCની હદમાં જહાંગીરાબાદ D-MART થી 5 મીનીટના અંતરે તદ્દન નજીક, સુરત
રિઝનેબલ ભાવે
સંપર્ક કરો
9825233063

**જોઈએ છે**
ટેલીકોલર અને સુપરવાઈઝર સુરત તેમજ બરોડા ખાતે બેંક કલેકશન પ્રોજેક્ટ માટે નીચે મુજબના સ્ટાફની તાત્કાલિક જરૂર છે. 1. સુપરવાઈઝર (ફિલ્ડ/ ઓફિસ): ક્લેકશન ટીમ હેન્ડલ કરવાનો અનુભવ અને કમ્પ્યુટરનું પૂરતું જ્ઞાન જરૂરી. 2. ટેલીકોલર (ભાઈઓ/ બહેનો) ગુજરતી ભાષામા સ્પષ્ટ અને પ્રભાવશાળી વાતચીત કરી શકે તેવા (12 પાસ કે ગ્રેજ્યુએટ) (ઉંમર 20 થી 30 સુધી) આકર્ષક પગાર + ઈન્સેન્ટિવ (અનુભવીને પ્રાથમિકતા સ્થળ: સુરત, બરોડા સંપર્ક: 7202002378, 7041283818, 8153091583

**જોઈએ છે**
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંસ્થામાં ટી.આઈ પ્રોજેક્ટ માટે સ્ટાફના ફિક્સ પગારથી ઈન્ટરવ્યૂ રાખેલ છે. પોસ્ટ - આઉટ રીચ વર્કર (1) લાયકાત - 12 પાસ અથવા સ્નાતક વેતન 10500/- TA 1500/- ઈન્ટરવ્યૂ તારીખ - 16/09/2026 સમય 11 થી 1 ઈન્ટરવ્યૂ સ્થળ - શ્રી રામકૃષ્ણ ચેરિટેબલ ટ્રસ્ટ, C/o.વી. એન. ગોધાણી સ્કૂલ, કતારગામ ,સુરત (મો. નં 7984594100) (310)

**જોઈએ છે**
સેલ્સમેન/ સેલ્સગર્લ. ઉજ્જવળ કારર્કિદી માટે બેસ્ટ ઓપોર્ચ્યુનિટી, બાયોડેટા અને ફોટા સાથે આજે જ એપ્લાય કરો. ખુશાલભાઈ જ્વેલર્સ સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. MO: 8160859341 (312)

**જોઈએ**
સોલાર પેનલ ક્લિનિંગ કરી શકે તેવા છોકરાઓ. પગારધોરણ: 9000થી 13,000/- સુધી. જરૂરી ડોકયુમેન્ટ્સ: આધારકાર્ડ અને બેન્ક પાસબુક. 7862003328.

**ફિઝિયોથેરાપી ક્લિનિક**
માટે લેડીઝ, જેન્ટ્સ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

**જોઈએ છે**
મેડિકલ ઓફિસર (Mo.) BHMS/ BAMS INS હોસ્પિટલ, ખટોદરા, સુરત મો. 9924144772 hr.inssurat@gmail.com (306)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સાગર 9427113317,**
(દિપાવલિમાં) રાજસ્થાન, જેસલમેર, રામદેવરા (હોટલમાં) સ્પેશિયલ ગોવા સ્લીપિંગમાં, દ્વારકા સોમનાથ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, ચારધામ - બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, તારીખ- 10/10, દિવસ-15. દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી. દિવસ- 14. તારીખ- 11/ 11, 24/ 11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેગટોક, નેપાળ. તારીખ- 11/ 11, દિવસ- 19, દિવસ-12, (3) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, તારીખ- 11/ 11, દિવસ- 12 (4) ભૂતાન. તારીખ- 10/ 12, 05/ 01, દિવસ- 8. (5) રોયલ કાશ્મીર, વૈષ્ણોદેવી. તારીખ- 15/ 01, 16/ 02. દિવસ- 11. -દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**ઓમશિવ ટ્રાવેલ્સ**
તારીખ- 13થી 23 દરરોજ, મુંબઈ લાલબાગ ગણપતિ, સિધ્ધિવિનાયક, મહાલક્ષ્મી, 26- રાત્રે, અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલીંગ, પંઢરપુર, કોલ્હાપુર. 1- ઓકટોબર, દ્વારકા, સોમનાથ, દિવ. -9537838949, 9327199997, ખરવરશેરી, ભાગળ, સુરત

**Dinesh Tours N Travels**
નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઈ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર-અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર


*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*